| | |
|---|---|
| રજૂ તારીખ :– | ૨૫–૦૩–૨૦૨૫ |
| દાખલ તારીખ:– | ૨૫–૦૩–૨૦૨૫ |
| જજમેન્ટ તારીખ:– | ૨૫–૦૩–૨૦૨૬ |
| આંક:– | ૨૮ |

सत्यमेव जयते

**FORM-A**

---

**ખંભાળીયાના એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ખંભાળીયા.**

---

**ક્રીમીનલ કેસ નં. ૭૭૮/૨૦૨૫**

| એફ.આઈ.આર.ની વિતગો/ગુનો અને પોલીસ સ્ટેશન. | |
|---|---|
| પોલીસ સ્ટેશન : | વાડીનાર મરીન પોલીસ સ્ટેશન |
| ગુનો : | પ્રોહી કલમ–૬૫(ઈ), ૮૧, ૯૮(૨) |
| તહોમતનામા મુજબ તહોમત : | પ્રોહી કલમ–૬૫(ઈ), ૮૧, ૯૮(૨) |
| ફરિયાદી: | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી : | શ્રી એ.બી.પરમાર |
| આરોપી/આરોપીઓ : | (૧) મુસ્તાક જાકીર આમદાણી (૨) અફરોજ ઉર્ફે અનીષ લતીફભાઈ સંધાર |
| આરોપી તરફે વિ.વ.શ્રી: | શ્રી ડી.ડી. લુણા તથા આર.એન. જાડેજા |

**FORM-B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ : | ૧૫.૦૧.૨૦૨૫ |
| ફરિયાદની તારીખ : | ૧૫.૦૧.૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ : | ૨૧.૦૩.૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યા તારીખ : | ૨૩.૦૭.૨૦૨૫ |
| ચુકાદા તારીખ : | ૦૭.૦૩.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ છે. |

જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
ખંભાળીયા

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રિ.પ્રો.કો. કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ડુંગરભા અરજણભાઈ માણેક | – | – | પ્રોહી કલમ–૬૫(ઈ), ૮૧ , ૯૮(૨) | શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. | – | – |

**FORM-C**

**ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ**

**(એ) ફરિયાદપક્ષ તરફે**

**ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવા :**

| અ.નં | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | પ્રદીપસિંહ ધીરૂભા ગોહીલ | ૧૨ | ફરીયાદી |
| ૨ | વેજાણંદભાઈ વાલાભાઈ માયાણી | ૨૦ | ત.ક.અમલદાર |
| ૩ | મુસ્તાકભાઈ કરીમભાઈ ફકીર | ૨૪ | પંચ સાહેદ |
| ૪ | હુશેનભાઈ કાસમભાઈ મથુપોત્રા | ૨૬ | પંચ સાહેદ |

**(બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|

જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
ખંભાળીયા

| | | |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો હોય તો,**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>ફરિયાદ પક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | આરોપીનું અટક પંચનામું | ૨૫ |
| ૨ | ઠરાવ | ૧૩ |
| ૩ | ફરિયાદ | ૧૪ |

**<u>બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>મુદ્દામાલની વિગત</u>**

| અ. | ભૌતિક પદાર્થની સંખયા | વર્ણન |
|---|---|---|

જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
ખંભાળીયા

| નં. | | |
|---|---|---|
| ૧ | ૧ | **એક પ્લાસ્ટીકના કેનમાં દેશી દારૂ લી.૩૫** |
| ૨ | ૧ | **એક પ્લાસ્ટિકની બોટલમાં દેશી પીવાનો દારૂ** |
| ૩ | ૧ | **મોટરસાયકલ** |

**-: JUDGEMENT :-**

૧. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, **તા. ૧૫.૦૧.૨૦૨૫** ના રોજ **કલાક ૧૬:૪૦** વાગ્યાના અરસામાં આ કામના આરોપીઓએ આરોપી નં. ૧ વાળાના રહેણાંક મકાને ગેરકાયદેસર પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ લી.૩૫ કિં.રૂા.૭૦૦૦/- નો રાખી આરોપી નં.૨ વાળાએ પોતાના કબજાનું કાળા કલરનું નંબર પ્લેટ વગરનું સ્પ્લેન્ડર મો.સા. એન્જીન નં. એચ.એ.૧૦ઈ.એચ.સી.એચ.બી.૧૧૨૦૩ કિં.રૂા. ૧૫,૦૦૦/- વાળી દારૂની હેરફેર મો ઉપયોગ કરી દેશી દારૂ તથા મો.સા. રાખી રેઈડ દરમ્યાન હાજર મળી આવ્યા બાદ પડેલ પુરાવા પરથી આ કામના આરોપીઓ વિરુધ્ધ ધી પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) મુજબના શિક્ષા ને પાત્ર ગુનાનું આંક-૦૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

૨. પોલીસ અહેવાલ રજુ થતાં, આરોપી વિરૂધ્ધ ધી પ્રોહીબીશન એકટની કલમની ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) મુજબના ગુન્હા અંગેનું સંજ્ઞાન લઈ, **કલમ-૨૨૭** અન્વયે સમન્સ કરતા, હાજર થતાં, **કલમ-૨૩૦** મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, **આંક-૦૮** થી **કલમ-૨૬૩** મુજબ વિગતવારનું **તહોમતનામું** ફરમાવી, વાંચી સંભળાવતા સમજાવતા ગુન્હા અંગે પુછવામાં આવતા ઈન્કાર કરતા, **આંક-૦૯ થી અ૧૦ સુધી આરોપીનો જવાબ** નોંધવામાં આવેલ.

**કલમ– ૨૬૫** મુજબ ફરીયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ  છે.

**૩.** ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

(અ). **ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવા :–**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરિયાદી પ્રદીપસિંહ ધીરૂભા ગોહીલની જુબાની | ૧૨ |
| ૨ | ત.ક. અધિકારી વેજાણંદભાઈ વાલાભાઈ માયાણીની જુબાની | ૨૦ |
| ૩ | પંચ સાહેદ મુસ્તાકભાઈ કરીમભાઈ ફકીરની જુબાની | ૨૪ |
| ૪ | પંચ સાહેદ હુશેનભાઈ કાસમભાઈ મથુપોત્રાની જુબાની | ૨૬ |

(બ). **ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | આરોપીનું અટક પંચનામું | ૨૫ |
| ૨ | ઠરાવ | ૧૩ |
| ૩ | ફરિયાદ | ૧૪ |

**૪.** ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પડેલ પુરાવા ઉપરથી આ કામના આરોપીઓનું બી.એન.એસ.એસની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને ખોટી રીતે સંડોવી દઈ ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

**૫.** સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા,ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા :-**

(૧) શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, **તા. ૧૫.૦૧.૨૦૨૫** ના રોજ **કલાક ૧૬:૪૦** વાગ્યાના અરસામાં આ કામના આરોપીઓએ આરોપી નં. ૧ વાળાના રહેણાંક મકાને ગેરકાયદેસર પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ લી.૩૫ કિં.રૂા.૭૦૦૦/- નો રાખી આરોપી નં.ર વાળાએ પોનતાના કબજાનું કાળા કલરનું નંબર પ્લેટ વગરનું સ્પ્લેન્ડર મો.સા. એન્જીન નં. એચ.એ.૧૦ઈ.એચ.સી.એચ.બી.૧૧૨૦૩ કિં.રૂા. ૧૫,૦૦૦/- વાળી દારૂની હેરફેર મો ઉપયોગ કરી દેશી દારૂ તથા મો.સા. રાખી રેઈડ દરમ્યાન હાજર મળી આવી પકડાઈ જઈ જે મતલબની ફરિયાદ ફરિયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ આપતાં પોલીસે પ્રોહીબીશન અંગેનો ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ ધી પ્ર ોહીબીશન એકટ, ૧૯૪૯ ની ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) મુજબના મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: નિર્ણય માટેના કારણો :-**

**૬.૧** આ કામે વર્તમાન આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શકાપણ પુરવાર કરવાનો

રહે છે અને જયા સુધી આરોપી સામેનો ગુનો સાબીત ન થાય ત્યા સુધી તે નિર્દોષ છે તે રીતેનુ અનુમાન કરવાનુ રહે છે, વધુમાં ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પરે સાબીત કરવાના રહે છે.

**૬.૨** આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે **આંક–૧૨** થી ફરીયાદીની જુબાની થયેલ છે, જેમાં તેઓ **આંક–૧૪** વાળી ફરીયાદને સમર્થનકારી જુબાની આપે છે. સદર સાહેદની ઉલટ તપાસ જોતા જણાવે છે કે, ''એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે ત્યાં ઘણા રહેણાંક મકાનો આવેલા છે તથા ત્યાં માણસોની અવર જવર ચાલુ હોય છે. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, રેઈડવાળી જગ્યાંના માલીકીના દસ્તાવેજ અમોએ કબ્જે કરેલ નથી.એ વાત ખરી નથી કે, પ્રોહી કલમ–૧૨૦ નો ઠરાવ પાછળથી ઉભો કરેલ છે. એ વાત ખરી છેકે આ કામે કોઈ પ્રાથમીક પંચનામુ કરેલ નથી. એ વાત ખરી છે કે, પેટ્રોલીગમાં જવાનુ હોય તે અંગેની નોધ સ્ટે.ડાયરીમાં કરવાની હોય છે. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી કોઈ પ્રતીબંધીત મુદ્દામાલ મળી આવેલ ન હોવા છતાં કામગીરી બતાવવા ખોટી ફરીયાદી આપી, આજરોજ સોગંદ પર ખોટી જુબાની આપુ છું.''

**૬.3** સબબ કામે ફરીયાદ પક્ષના પંચ સાહેદને આંક–૨૪, ૨૬ થી તપાસેલ છે. સદર પં ચ સાહેદોએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, તેઓએ માત્ર તૈયાર પં ચનામામાં સહીઓ કરેલી. તે સિવાય પંચનામાની હકીકત તેઓ જાણતા નથી, વળી પં ચોએ સ્વીકાર રાખેલ છે કે, સહી કર્યા સિવાય તેઓ કશુ જાણતા નથી અને તથી સદર પં ચનામાની હકીકત માની શકાય નહી, કેમ કે, સદર પંચનામું શાનુ છે તે પણ સદર પં ચ સાહેદને ખબર ન હતી. તેઓની પંચનામામાં સહી લેવામાં આવેલ. આમ, ફરીયાદ

પક્ષ કહેવાતું પંચનામું સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી આ કામનું પંચનામું માની શકાય નહી.

૬.૪ ત્યારબાદ ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૨૦ થી ત.ક.અમલદાર ઓમદેવસિંહ ભીખુભા જાડેજા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થન આપેલ છે. જયારે આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે ત્યાં ઘણા રહેણાંક મકાનો આવેલા છે તથા ત્યાં માણસોની અવર જવર ચાલુ હોય છે. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, રેઈડવાળી જગ્યાંના માલીકીના દસ્તાવેજ અમોએ કબ્જે કરેલ નથી.એ વાત ખરી નથી કે, પ્રોહી કલમ–૧૨૦ નો ઠરાવ પાછળથી ઉભો કરેલ છે.એ વાત ખરી છે કે, બાઈકની માલીકી અંગેના કોઈ દસ્તાવેજ આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધેલ નથી.એ વાત ખરી છેકે આ કામે કોઈ પ્ર ાથમીક પંચનામુ કરેલ નથી. એ વાત ખરી છે કે, પેટ્રોલીગમાં જવાનુ હોય તે અંગેની નોઘ સ્ટે.ડાયરીમાં કરવાની હોય છે. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી કોઈ પ્રતીબંઘીત મુદ્દામાલ મળી આવેલ ન હોવા છતાં કામગીરી બતાવવા ખોટી ફરીયાદી આપી, આજરોજ સોગંદ પર ખોટી જુબાની આપુ છું.''

૭. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપીના કબ્જામાંથી પ્રોહી મુદામાલ કરેલ હોવાનો પ્રોસીકયુશનનો કેસ છે. આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામાંમા સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા તેમાં પેટ્રોલીંગમાં ગયેલ હોવાનો આધાર જણાવેલ નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષના પુરાવાને લક્ષમાં લેતા, ઝડતીવાળી જગ્યા **રહેણાંક** વિસ્તારમાં આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. પંચોએ પંચનામાની

વિગતોને સમર્થન આપેલ ન હોય જેથી પંચોની હાજરીમાં મુદ્દામાલ કબ્જે કરેલ હોવાની હકીકત સંબધે શંકા ઉત્પન્ન થાય છે.

સદર કામે ફરીયાદ પક્ષની હકીકત મુજબ તપાસ દરમ્યાન રેઈડમાં પ્રોહી મુદામાલ મળી આવેલ હોય તેવી હકીકત જણાય છે અને તે બાબતના સેમ્પલ લીધેલ હોય તે બાબતની હકીકત જણાય છે. તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ ફરીયાદના પુરાવા ને જયા સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન મળે ત્યા સુધી તેના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. અને આ કામે તપાસેલ પંચ સાહેદ તટસ્થ પંચ સાહેદ છે. તેમ છતાં તેઓ એ આરોપીઓ પાસેથી કબ્જે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ ફરીયાદીના પુરાવા ને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન  ન મળે ત્યા સુધી તેના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી તેમજ ફરીયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચ સાહેદનું સમર્થન મળેલ નથી. તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં આ કામે તપાસવામાં તમામ સાહેદો પોલીસ સાહેદો છે અને સરકારી અધિકારી છે તેમ છતા તેઓ ધ્વારા આ કામે સ્ટે.ડાયરીની નકલ રજુ કરવામાં આવેલ નથી. આમ, તેઓએ કાયદાને અનુસરવી પડતી પ્રક્રિયાઓને અનુસરેલ નથી. વધુમાં આ કામના  ત.ક.અમલદારે આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધેલ નથી અને માત્રને માત્ર પોલીસ સાહેદોના નિવેદનો નોંધી સંપુર્ણ તપાસ દુષીત કરેલ છે. આમ, ઉપરોકત હકીકત અને ચર્ચાને ધ્યાનમાં લઈ ફરીયાદપક્ષ આરોપી સામે નો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેવા નિર્ણય ઉપર આવી  મુદ્દા નં. (૧)નો જવાબ **નકારમાં** આપી, મુદ્દા નં. (૨) પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુ ક મ ::–**

(૧) આ કામના આરોપીઓ (૧) **મુસ્તાક જાકીર આમદાણી, રહે. વાડીનાર નીચાણ, તા.ખંભાળીયા જી. દેવભૂમિધ્વારકા. (૨) અફરોજ ઉર્ફે અનીષ લતીફભાઈ સંઘાર, રહે. વાડીનાર ધાર, તા. ખંભાળીયા જી. દેવભૂમિ ધ્વારકા**

નાઓને બી.એન.એસ.એસની કલમ–૨૭૧ હેઠળ ધી પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ–પ્રોહી કલમ– ૬૫(ઈ), ૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કબ્જે લીધેલ પ્રતીબંધીત મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો તથા જો અન્ય કોઈ મુદામાલ કબ્જે લીધેલ હોય તો તે મુદામાલ અન્વયે અગાઉનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવે છે. જો કોઈ મુદ્દામાલ અન્વયે કોઈ હુકમ ન થયેલ હોય તો, મુદ્દામાલ માલીકે મુદ્દામાલ પરત મેળવવા માલીકી અંગેના દસ્તાવેજ લાગતા વળગતા પો.સ્ટે.માં રજુ કરી મુદ્દામાલ પરત મેળવવા હુકમ થયેથી દિન–૩૦ માં કાર્યવાહી કરવી, જો સમય મર્યાદામાં મુદ્દામાલ પરત મેળવવા કાર્યવાહી ન થાય તો ક્રીમીનલ મેન્યુઅલ મુજબ તે સમય પુરો થયેથી મુદ્દામાલનું વેચાણ કરી મળી આવતી રકમ રાજય સાત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) બી.એન.એસ.એસની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ અપીલ સમય થતાં સુધીના રૂ.૫,૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરાના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા. ૨૫ , માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૫–૦૩–૨૦૨૬
મુ.ખંભાળીયા

**(ધ્રુવરાજસિંહ બી.ચૌહાન)**
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ખંભાળીયા, જી.દેવભુમિ ધ્વારકા
**(JUDGE Code: GJ01732)**

જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
ખંભાળીયા